પૂ. દિવ્યાબેનની દીક્ષા પ્રસંગે પ. પૂ. આચાર્યભગવંત શ્રી અજિતસૂરીશ્વરજી મ. તથા પૂ. લલિતવિજય મ., પૂ. મિત્રાનંદવિજય મ. તથા પૂ. મુનિશ્રી હેમચંદ્રવિજયજી મ. આદિ પધાર્યા હતા. તે વખતે વ્યાખ્યાન મંડપમાં વચ્ચે ત્રિગડા ઉપર શ્રી.મુખજી ભગવાન પધરાવી તેમની સમક્ષ પૂ. હેમચંદ્રવિ. મ. શ્રીએ દુષ્કૃત નિંદાની આરાધના કરાવી. આ વખતે આરાધક આત્માઓ પોતાનાં દુષ્કૃતોનાં પશ્ચાત્તાપપૂર્વક મિચ્છા મિ દુક્કડં પરમાત્માની સમક્ષ આપી પાપના ભારથી હલકા થયા.

આ આરાધના ખુબ જ અસરકારક બની, અને જાણે કે ગોઠવણ થયેલ પાપોને બાળ કરતા હોય એમ જીવોનાં હૃદય ગદ્ગદ્ થતા. અને ઘણાંક આંખમાં આંસુ પણ આવ્યાં.

બીજા દિવસે શુભાનુમોદનાની આરાધના થઈ તે વખતે પણ પુણ્યોનાં સુકૃતોને યાદ કરતા જીવોનાં હૃદય વિકસ્વર બનતાં હતાં. [illegible] આરાધના પણ થઈ.

આ બે દિવસની આરાધના [illegible]

ન પાર પડી, પરંતુ તેઓની પાછળ અમારાં કુટુંબીઓએ ઉપર
મુજબ સંયમમાર્ગે પ્રયાણ કર્યું, તેમજ પિતાશ્રીના ઋણ
તરીકે અમોએ તેમની તે ભાવના મુજબ સંવત ૨૦૨૪ના
વૈશાખ માસમાં પ. પૂ. ગચ્છાધિપતિ સિદ્ધાંતમહોદધિ
આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ તથા
પ. પૂ. શાસન પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજય
રામચંદ્રસૂરીશ્વરજી મ. પ. પૂ. વૈરાગ્યવારિધિ આચાર્યદેવ
શ્રીમદ્ વિજય યશોદેવસૂરીશ્વરજી મ. આદિ ઠાણાઓ
સવાસોથી વધુ મુનિસમુદાયની નિશ્રામાં શાન્તિસ્નાત્રપૂર્વક
અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવવાનો લાભ મેળવ્યો.

આવા ધર્મશ્રદ્ધાળુ પિતાશ્રી છેલ્લી ઉંમરના કેટલાં
વર્ષો અમારા વતન ખંભાતમાં રહેતા, ત્યાં રોજ ધર્મ-
આરાધનામય જીવન જીવતા. તેમનો રોગ વૃદ્ધિ પામતા
છતાં ખૂબ સમાધિભાવે સહન કરતા. સંવત ૧૯૯૯ના
શ્રાવણ વદ ૧૧ના (પર્યુષણના આગલા) દિવસે ખૂબ જ
શુદ્ધિપૂર્વક નવકારમંત્રનું સ્મરણ કરતા કરતા સમાધિપૂર્વક
સ્વર્ગવાસને પામ્યા.

અમારા પૂ. માતુશ્રીનું જીવન પણ ધર્મ આરાધનાથી
અત્યંત ઉજ્જવળ છે. [illegible]
[illegible], શત્રુંજય, સમેતશિખરજી,
કેસરિયાજી-રાણકપુરજી આદિ [illegible]
આદિ ઘણાં તીર્થોની યાત્રા કરી [illegible],
[illegible] વગેરે [illegible]

ધર્મારાધનાના પ્રેરણાદાયી

સ્વ. પિતાશ્રી અંબાલાલ રતનચંદ સંઘવી



શાળાના ઉપાશ્રયે (પ. પૂ. ચંદ્રશેખર વિ. મ.ની નિશ્રામાં) એમ અનેક સંઘોમાં આ આરાધના વિશાળ જનસમુદાયે કરી. આ બે આરાધના ઉપરાંત તથાભવ્યત્વના પરિપાક માટે ચતુઃશરણ સ્વીકારની આરાધના પણ જરૂરી હોવાથી તે બે આરાધના પૂર્ણ થયે સંક્ષેપમાં કરાવાતી હતી, વળી દુષ્કૃત નિંદાની આરાધના એટલે જન્મોજન્મનાં પુદ્ગલ વોસિરાવવાનું પણ સંક્ષેપમાં ચાલુ કરાયું.

સંવત ૨૦૨૯માં ખંભાત સુશ્રાવિ શ્રાવક તારાચંદ ભાઈની સુપુત્રી કુમારિકા ચિત્રાબેનની દીક્ષા નિમિત્તે જવાનું થયું—તે વખતે ખંભાતમાં આ આરાધના ફરીથી કરાવવામાં આવી. તે સાંભળીને સુશ્રાવક અંગીરસભાઈને આ આખી આરાધના પુસ્તકારૂપે પ્રગટ કરાવવાની ભાવના થતાં તેઓએ મને તે સંબંધે વ્યવસ્થિત લખી આપવા વિનંતિ કરી. પરિણામે આ સર્વે આ.ક.પ.ને વ્યવસ્થિત સંગ્રહરૂપે તૈયાર કરવામાં આવી છે

તૈયાર થયેલ લખાણને પૂ. [illegible] કપૂર સૌ, પ. પૂ. ધર્મગુપ્તવિજયજી મ. તથ. [illegible] [illegible] વિજયજીએ જોઈ, વાંચી [illegible] [illegible] [illegible] પછી પ. પૂ. પરમોપકારી, [illegible] પ્રભાવક ગુરુદેવશ્રી [illegible] [illegible] [illegible] ભાનુસૂરીશ્વરજી મહારાજાએ અને [illegible] એ જ વખતે આ લખાણને જોઈ [illegible] [illegible] છે

આ રીતે [illegible] [illegible] [illegible]

ગુરુ ભગવંત આગળ સરળપણે એકરાર કરીને પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરી, તેને વહન કરવાથી જ તે દ્વારા બંધાયેલ પાપો નાશ પામશે એ વર્તમાન જીવનમાં થયેલ પાપોને છુપાવવાનો પ્રયત્ન થાય તો તે શલ્યરૂપ બની જઈ ભવભ્રમણનું કારણ બને, માટે આરાધના કરનાર જીવોએ પોતાના જીવનમાં થયેલ પાપોનો ગીતાર્થ ગુરુ ભગવંત પાસે એકરાર કરી પ્રાયશ્ચિત્ત લઈ તેને વહન કરવા અવશ્ય પુરુષાર્થ કરવો. તેથી પાપના ભારથી આત્મા ઘણો હલકો થઈ જશે.

સમસ્ત પુસ્તકમાં ક્યાય શ્રી જિનવચનથી વિરુદ્ધ લખાણ આવ્યું હોય તે બદલ મિચ્છા મિ દુક્કડં તેમજ ભાષાની દૃષ્ટિએ તથા પ્રેસદોષાદિથી થયેલી સ્ખલનાઓને બીજી આવૃત્તિમાં સુધારી દેવામાં આવી હોવા છતાં કદાચ કોઈ રહી જતી હોય તો તે સુધારી લેવા વાચકોને વિનંતિ છે.

આ પુસ્તકના આધારે અનેક આત્માઓ દોષ વગેરે આરાધના કરવા દ્વારા તથાભવ્યત્વાદિના પરિપાક કરીને મુક્તિને વરનારાં બને-એ જ શુભેચ્છા.

શ્રી. પ. પૂ. સિદ્ધાંતમહોદધિ સ્વ. આ.મ.દેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ના પટ્ટાલંકાર પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન સમતાસાગર સ્વ. પૂ. પંન્યાસજી પદ્મવિજયજી ગણિવરશ્રીનો વિનેય,

મુનિ શ્રી હેમચંદ્રવિજય

ડિ.ડિ.ર, જૈન ઉપ.શ્રય,
૨૦૩૧, ચૈત્ર સુદ ૫, બુધવાર

ચતુઃશરણ, સ્વીકાર, દુષ્કૃત ગર્હા, સુકૃત અનુમોદનાની સંક્ષિપ્ત આરાધના (દરરોજ ત્રિકાળ તથા સંકલેશમાં વારંવાર યાદ કરવી.)

[૧] ત્વાં ત્વત્ફલભૂતાન્, સિદ્ધાંસ્ત્વચ્છાસનરતાન્મુનીન્;
ત્વચ્છાસનં ચ શરણં, પ્રતિપન્નોઽસ્મિ ભાવતઃ ॥

(૧) તમારા શરણને સ્વીકારું છું.
(૨) તમારા શાસનની આરાધનાના ફળસ્વરૂપ સિદ્ધ પરમાત્માના શરણને સ્વીકારું છું.
(૩) તમારા શાસનમાં રક્ત સાધુઓના શરણને સ્વીકારું છું.
(૪) તમારા શાસનના (ધર્મના) શરણને સ્વીકારું છું.

[૨] મનોવાક્કાયજે પાપે, કૃતાનુમતિકારિતૈઃ;
મિથ્યા મે દુષ્કૃતં, ભૂયાદપુનઃક્રિયયાન્વિતમ્ ॥

મન-વચન અને કાયાથી કરેલાં, કરાવેલાં કે અનુમોદેલાં મારાં પાપો જીવનમાં ફરી ન થાય તે રીતે મિથ્યા થાઓ.

[૩] યત્કૃતં સુકૃતં, કિંચિદ્રત્નત્રિતયગોચરમ્;
તત્સર્વમનુમન્યેઽહં, માર્ગમાત્રાનુસાર્યપિ ॥

મોક્ષમાર્ગને અનુસરીને જે કંઈ સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર વિષયક સુકૃત જેઓએ આચર્યું હોય તે સર્વેની ભાવથી અનુમોદના કરું છું.

[૪] સર્વેષામર્હદાદીનાં, યો યોઽર્હત્ત્વાદિકો ગુણઃ;
અનુમોદયામિ તં તં, સર્વં તેષાં મહાત્મનામ્ ॥

સર્વે અરિહંત ભગવંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ, શ્રાવક-શ્રાવિકાઓ, સમ્યગ્દૃષ્ટિ દેવો તેમજ સમ્યક્ત્વ, શ્રુત, અનેક જાતની વિરતિ વગેરે. વગેરેને વિષે રહેલા અરિહંતપણું, સિદ્ધપણું આદિ ગુણો છે, તે સર્વે (મહાત્માઓના) ગુણોની ભાવથી અનુમોદના કરું છું.

શુદ્ધિપત્રક

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૭	૧	મનાયનું	મનાયું
૧૧	૧	ત્રિજી	ત્રિજી
૩૨	૧૧	૨૨ન્તેન	૨૨ન્તેન
૨૧	૧૭	આકાંક્ષિકાઓ	આકાંક્ષિકાઓ
૩૭	૧૧	આપુ મલીન	આપુ મલીન
૩૧	૭	[illegible]	[illegible]
૩૨	૧૫	[illegible]	[illegible]
૪૦	૧	[illegible]	[illegible]
૪૧	૧	[illegible]	[illegible]
૪૨	૨૧	ગુરૂઓ	[illegible]
૪૩	૪	[illegible]	[illegible]
૪૪	૧૪	૩ઁ	[illegible]
૪૫	૨૧	[illegible]	[illegible]
૪૭	૭	૬	[illegible]
૫૧	૨૦	[illegible]	[illegible]
૫૨	૯	[illegible]	[illegible]
૫૬	૩	[illegible]	[illegible]
૬૦	૧૮	[illegible]	[illegible]
૬૧	૧૮	[illegible]	[illegible]
૬૩	૮	[illegible]	[illegible]
૬૪	૧૬	[illegible]	[illegible]
૮૫	૨૧	[illegible]	[illegible]
૮૧	૪	[illegible]	[illegible]
૮૧	૧૦	[illegible]	
૮૧	૧૬	[illegible]	
૮૧	૧૫	[illegible]	

नमो वित्पस्स

તથાભવ્યત્વના પરિપાકનાં ત્રણ સાધનો

(પૂર્વભૂમિકા)

चउसरणगमण दुक्कडगरिहा, सुकडाणुमोयणा चेव ।
एस गणो अणवरयं कायव्वो कुसलहेउत्ति ॥

—ચઉસરણ પયન્નો

(૧) ચતુઃશરણ સ્વીકાર (૨) દુષ્કૃત ગર્હા, (૩) સુકૃતાનુમોદનાં કુશળતાના હેતુ માટે હંમેશ કરવા જોઈએ.

'પંચસૂત્ર' નામના ગ્રંથમાં પણ તથા-ભવ્યત્વાદિના પરિપાકનાં આ જ ત્રણ સાધનો જણાવ્યાં છે

एयस्स पुण विवागसाहणाणि—चउसरणगमणं, दुक्कडगरिहा, सुकडाणसेवणं,

તેના (તથાભવ્યત્વાદિના) વિપાકના સાધનો (૧) ચતુઃશરણગમન (૨) દુષ્કૃત ગર્હા (નિંદા) (૩) સુકૃત અનુમોદના છે. અર્થાત્ આ ત્રણ વસ્તુથી તથા-ભવ્યત્વાદિ પરિપાક થાય છે.

[illegible]

અવશ્ય ભવ્ય હોય છે. વળી 'પાપી અભવ્ય નજરે ન દેખે, વગેરે શ્રી સિદ્ધગિરિની મહિમાસૂચક પંક્તિઓ પરથી શ્રીસિદ્ધગિરિજીની સ્પર્શના દ્વારા પણ ભવ્યત્વ નિશ્ચિત કરી શકાય છે.

ભવ્યત્વ પરિપાક એટલે–મોક્ષહેતુભૂત શુદ્ધ ધર્મના બાધક કર્મના નાશ દ્વારા મુક્તિની નિકટતા માટે જે ભવ્ય આત્માઓએ પોતાનો મોક્ષ નજીક કરવો હોય, ભવનો ઉચ્છેદ કરવો હોય—તેમણે ભવ્યત્વ પરિપાક માટેનાં પંચસૂત્રમાં દર્શાવેલ ઉપાય ત્રણ સાધને. (૧) ચાર શરણ સ્વીકાર (૨) દુષ્કૃતગર્હા (૩) સુકૃતાનુમોદનાને સાધવાં જોઈએ.

વળી ગ્રંથકાર મહર્ષિ પણ આ ત્રણે વસ્તુને રોજ ત્રિકાળ સાધવાનું જણાવે છે

" अओ कायव्वमिणं होउकामेणं सया सुप्पणिहाणं भुज्जो
भुज्जो संकिलेसे, तिकालमसंकिलेसे ।"

અર્થ—તેટલા જ માટે મોક્ષની ઇચ્છાવાળાએ હંમેશ સદા માટે પ્રણિધાનપૂર્વક સંક્લેશના કાળમાં વારંવાર અને સંક્લેશના અભાવમાં રોજ ત્રિકાળ આ ત્રણ શરણાદિ ત્રણ કરવા જોઈએ.

આમ મહાપુરુષો રોજ ત્રિકાળ સંક્લેશમાં આ ત્રણ વાર કરવા જણાવે છે. આપણે આજે ચિન્તામણિ આ ત્રણે આરાધના કરીએ છે.

તેવા અરિહંતો! મને આપનું શરણ હો!......
(બધાએ સાથે બોલવાનું)

(૨) चउविहकसायचत्ता, चउवयणा चउप्पयारधम्मकहा ।
चउगइ दुहनिद्दलणा अरहंता मज्झ ते सरणं ॥

ચાર પ્રકારના કષાયોથી મુક્ત, ચતુર્મુખ, ચાર પ્રકારના ધર્મને કહેનારા, ચાર ગતિના દુઃખોને દળનારા હે અરિહંતો! મને આપનું શરણ હો!

(૩) जे अट्ठकम्ममुक्का, पवरकेवलनाणमुणियपरमत्था ।
अट्ठमयट्ठाणरहिआ अरहंता मज्झ ते सरणं ॥

જે આઠ પ્રકારનાં કર્મોથી મુક્ત છે, ઉત્તમ કેવળજ્ઞાનથી પરમાર્થને જાણનારા છે, આઠ પ્રકારના મદસ્થાનથી રહિત છે તેવા હે અરિહંત ભગવંતો! મને આપનું શરણ હો!

(૪) भवविस अरहंता, सासारिप्पहणे अरिहंता ।
ते तिअगपूयणिज्जा, अरहंता मज्झ ते सरणं ॥

ભવરૂપી બીજમાં જેમને ઉગવાનું નહિ અર્થાત્ સંસારમાં જન્મ ન મળવાનો નથી, આંતરશત્રુઓને હણનારા, ત્રણ જગતને પૂજનીક હે અરિહંત ભગવંતો! મને આપનું શરણ હો!

જેઓને જન્મ, જરા, વ્યાધિઓ તથા મરણ નથી; પીડા તેમજ ક્રોધાદિ કષાયો નથી, તે સિદ્ધ પરમાત્માઓનું મને શરણ હો.

સાધુનું શરણ :

(૯) महुअरवित्ति, जे बायालीसदोसपरिसुद्धं ।
भुंजंति भत्तपाणं, ते मुणिणो हुंतु मे सरणं ॥

મધુકરવૃત્તિથી બેતાલીશ દોષથી પરિશુદ્ધ ભોજન, પાણીને જેઓ વાપરે છે તે મુનિઓનું મને શરણ હો.

(૧૦) पंचिंदियदमणपरा, निज्जियकंदप्पदप्पसरपसरा ।
धारंति बंभचेरं ते मुणिणो हुंतु मे सरणं ॥

પાંચ ઇંદ્રિયોના દમનમાં તત્પર, કંદર્પના (કામના) દર્પને હણનારા, નિર્મળ બ્રહ્મચર્યને ધારણ કરનારા મુનિઓનું મને શરણ હો.

(૧૧) जे पंचसमिइसमिआ, पंचमहव्वयभरुव्वहणवसहा ।
पंचमगइअणुरत्ता, ते मुणिणो हुंतु मे सरणं ॥

જે પાંચ સમિતિઓથી યુક્ત છે, પાંચ મહાવ્રતના ભારને વહન કરવામાં વૃષભ સમાન છે, પાંચમી ગતિ (મોક્ષ) પ્રત્યે અનુરાગવાળા છે તે મુનિઓનું મને શરણ હો.

(१६) सग्गापवग्गपुरमग्गलग्ग-लोआन सत्थवाहो जो ।
भवअडविलंघणखमो, सो धम्मो होउ मम सरणं ॥

સ્વર્ગ અને મોક્ષરૂપ નગરના માર્ગે લાગેલા લોકોને માટે જે સાર્થવાહ સમાન છે, જે ભવ-અટવીને ઓળંગવામાં સમર્થ છે તે ધર્મનું મને શરણ હો.

(१७) एवं चउण्हं सरणं पवन्नो, निव्विन्नचित्तो भवचारगाओ।
जं दुक्कडं किंपि ममत्थमेसि निंदामि गर्हामि
अहं तमिद्धि॥

આમ ચાર શરણને પામેલો, ભવરૂપી કેદખાનાથી નિર્વેદ પામેલો હું હવે મારા દુષ્કૃતોને તેઓની સમક્ષ નિંદું છું.



તથા પ્રશાંત અને ગંભીર આશયવાળા, સાવદ્યયોગથી વિરામ પામેલા, પાંચ પ્રકારના (જ્ઞાનાચારાદિ) આચારને જાણનારા, પરોપકારમાં રક્ત, પદ્મ (કમળ) વગેરેની ઉપમાવાળા, ધ્યાન અને અધ્યયનમાં રક્ત, વિશુધ્યમાન ભાવવાળા શ્રી સાધુમહાત્માઓનું મને શરણ હો.......!

(૪) तहा सुरासुरमणुअपूइओ, मोहतिमिरंसुमाली राग-दोसविसपरममंतो हेऊ सयलकल्लाणाणं कम्मवण-विहावसू साहगो सिद्धभावस्स केवलिपण्णत्तो धम्मो जावज्जीवं मे भगवं सरणं ।

તથા સુર, અસુર અને મનુષ્યોથી પૂજિત, મોહરૂપી અંધકારને નાશ કરવામાં સૂર્યસમાન, રાગ-દ્વેષરૂપી ઝેરનો નાશ કરવા માટે મંત્ર સમાન, સઘળા કલ્યાણોમાં હેતુભૂત, કર્મરૂપી વનને બાળવા માટે અગ્નિ સમાન, સિદ્ધપણાના સાધક, કેવલિ ભગવંતે કહેલ ધર્મનું મને યાવજ્જીવ શરણ હો........!

કોઈ પણ દુષ્કૃત રસપૂર્વક કરવાથી અશુભ કર્મ અનુબંધવાળું બંધાય છે. એટલે કે જ્યારે દુષ્કૃતથી બંધાયેલ કર્મ ઉદયમાં આવે ત્યારે આત્માની બુદ્ધિ બગાડીને નવું અશુભ કર્મ બંધાવે છે. એ કર્મ વળી ઉદયમાં આવે ત્યારે વળી પાછું નવું અશુભ કર્મ બંધાવે છે. આમ કર્મબંધની પરંપરાનું વિષચક્ર ઊભું થાય છે. આ વિષચક્રને તોડી નાખવાની તાકાત દુષ્કૃત નિંદામાં છે.

દુષ્કૃત નિંદાથી અનુબંધ તૂટી જતો હોવાથી જ્યારે દુષ્કૃતથી બંધાયેલ કર્મ ઉદયમાં આવે ત્યારે જીવની બુદ્ધિ ઠેકાણે રહે છે, અને કર્મ સમાધિભાવે ભોગવાઈ જવાથી નવું અશુભ કર્મબંધની પરંપરાનું વિષચક્ર ત્યાં સમાપ્ત થઈ જાય છે. તર્કબુદ્ધિથી પણ આ વાત સંગત છે.

દુષ્કૃત જ્યારે થાય છે ત્યારે (દુષ્કૃત) અશુભકર્મનો બંધ કરાવે છે, દુષ્કૃત કરતી વખતે તેમાં જે રસ સાથે રહેલો હોય છે. તે દુષ્કૃતના પક્ષપાત રૂપ હોઈ અશુભ કર્મના અનુબંધને ઊભો કરે છે. ત્યારે દુષ્કૃતની નિંદાનો પરિણામ એ દુષ્કૃતના પક્ષપાતનો પ્રતિપક્ષી પરિણામ હોવાથી દુષ્કૃતના પક્ષપાતથી ઊભા થયેલા અનુબંધને તોડી નાખે છે.

(૨) દુષ્કૃત નિંદાથી કર્મના રસમાં ઘટાડો થાય છે. દુષ્કૃત કરતી વખતે કર્મનો જે તીવ્ર રસ બંધાયેલો હોય છે, તે પાછળથી દુષ્કૃતની નિંદાના પરિણામથી ઘટે છે. અને તેથી શૂળીનું દુઃખ કાંટાથી પતી જાય છે.

મન નથી. પરંતુ ક્ષુધાવેદનીય કર્મનો ઉદય તીવ્ર ક્ષુધા ઊભી કરે છે. અન્ન વિના ચાલી શકતું નથી, રોજની વિધિ મુજબ ગોચરીએ ગયા. ઘડો ભરીને કૂર લઈ આવ્યા. સાધુ-આચારને અનુસરીને તે ભોજન અન્ય મુનિઓ સમક્ષ રજૂ કરીને આમંત્રણ કર્યું.

जइ मे अणुग्गहं कुज्जा, साहू हुज्जा मे तारिओ

હે સાધુ ભગવંતો, આમાંથી કંઈક ગ્રહણ કરીને અનુગ્રહ કરો તો હું સંસાર સમુદ્રમાંથી તરું. તપસ્વી મુનિઓ ગુસ્સે થયા. અરે મૂર્ખ! આજનો દિવસ પણ ભોજન ન છૂટ્યું! એમ બોલીને ગુસ્સાથી પાત્રમાં થૂંક્યા. કૂરગડુ મુનિ ગોચરી કરવા એકાંતમાં ગયા. ગોચરી કરતાં કરતાં દુષ્કૃતની નિંદા કરવા લાગ્યા—

“હે જીવ! પૂર્વે તેં તપધર્મમાં કેવો અંતરાય કરેલ, કે આવા મહાપર્વના દિવસે કે જે દિવસોમાં નાનાં બાળક પણ ઉપવાસ કરે તે દિવસે તું આજે ભોજન કરવા બેઠો છે, ધિક્કાર છે તારા આત્માને, ધિક્કાર છે તારી પૂર્વભવમાં કરેલ તપના અંતરાય કર્મને ઊભી કરનાર પ્રવૃત્તિને! રે જીવ! કર્મ કરવા સહેલાં છે, ભોગવવા ખૂબ જ કઠણ છે. ધન્ય છે આ તપસ્વી મહાત્માઓને! સાચું થયું. તેમણે તો તારા લુખા કૂરમાં ઘી નાખ્યું છે. રે તપસ્વી મહાત્માઓ! પાપી અને અભાગિયા એવા મારા દુષ્કૃતને માફ કરજો—રે જીવ! ફરીથી આવાં કર્મ ઊભાં ન કરીશ, જે ભોગવવામાં જીવને અનેક યાતનાઓ સહન કરવી પડે છે.”

આ ભવમાં તથા ભૂતકાળના ભવોના મિથ્યાત્વ, અવિરતિ, કષાય, નોકષાય તથા યોગથી કરેલા પાપના પ્રસંગોને પ્રગટ કરીને બીજા વિભાગમાં આપણે પ્રભુ સમક્ષ મિચ્છામિ દુક્કડમ્ દેવાનો છે.

આ ક્રિયા કરતાં કરતાં હૃદયને ખૂબ જ મૃદુ-પશ્ચાત્તાપની પરિણતિવાળું રાખવાનું છે.

જેમ કોઈ ગુનેગાર પોતાથી થઈ ગયેલ મહાન ગંભીર ગુનાઓની ભયંકર સજા નજર સમક્ષ દેખતાં જ ગદ્ગદ્ કંઠે રોતાં રોતાં, ફરીથી આવું નહિ કરું, એમ જાહેર કરતાં કરતાં શાન્ત કે ન્યાયાધીશ સમક્ષ ક્ષમા માગે છે.

તેમ આપણે પણ પ્રભુની સમક્ષ આપણા દુષ્કૃત રૂપ ગુનાની ભયંકર દુર્ગતિ રૂપ સજાને નજર સમક્ષ રાખીને ગદ્ગદ્ કંઠે, આંખમાં આંસુ લાવી, "અરે રે! મેં કેવા મહાપાપ કર્યાં. હવે આવા પાપ ન કરું." એવા ભાવ લાવી ક્ષમા માગવાની છે, એટલે કે "મિચ્છા મિ દુક્કડમ્" દેવાનો છે.

નારકીના ભવમાં કર્મને વશ થઈને પરસ્પર બીજા અનેક નારકીના જીવોને (૧) શસ્ત્રોનો ઘાત કરવો (૨) ચૂરી નાખવા (૩) કાપવા (૪) પીલવા વગેરે અનેક પ્રકારની પીડાઓ આપી હોય તે સર્વ જીવો જ્યાં હોય ત્યાં તેઓને અત્રે રહેલો હું હે પ્રભુ ! આપની સમક્ષ ખમાવું છું (મિચ્છા મિ દુક્કડમ્)

निद्दयपरमाहम्मिअरूवेणं, बहुविहाइं दुस्सहाइं ।
दीवाणं जणियाइं, मूढेण तं पि खामेमि ॥४॥

નિર્દય પરમાધામી[1] દેવ તરીકે ઉત્પન્ન થયેલા મેં

---

૧. પંદર પ્રકારના પરમાધામી દેવો એ અસુરનિકાયના એક જાતના ભવનપતિ દેવો છે. તેઓ કુતૂહલવૃત્તિથી મનોરંજન માટે નરકમાં જઈને નારકીના જીવોને અનેક પ્રકારની પીડાઓ આપે છે.

તે પંદર પ્રકારના પરમાધામીઓના નામ તથા નારકીના જીવો પ્રત્યેનું કાર્ય નીચે મુજબ છે.

(૧) અંબ ઊંચે લઈને પછાડે છે.
(૨) અંબરીષ-છરીઓ વડે કાપીને ટુકડા કરે છે.
(૩) શબલ આંતરડાં તથા હૃદયને [illegible] છે.
(૪) શ્યામ-કાપેકૂપે છે. [illegible] કરે છે
(૫) રુદ્ર-ભાલા વગેરેમાં પરોવે છે.
(૬) ઉપરુદ્ર-અંગોપાંગ ભાંગે છે.
(૭) અસિપત્ર-તલવાર જેવા પત્રનું વન બનાવે છે.
(૮) ધનુ-ધનુષ્યથી છોડેલાં અર્ધચંદ્રાકાર બાણોથી વીંધે છે.
(૯) કુંભ-કુંભીઓમાં પકાવે છે.
(૧૦) કાલ-[illegible]
(૧૧) મહાકાલ-કુંડ વગેરેમાં રાંધે છે.

થયેલા મેં પરસ્પર સ્વકાય[1] શસ્ત્ર કે પરકાય[2] શસ્ત્રથી જે જીવોને સ્થાવરના ભવોમાં વિરાધ્યા; દુઃખી કર્યા તે સર્વ જીવોને હે દેવાધિદેવ! આપની સમક્ષ ચતુર્વિધ સંઘની સાક્ષીએ ખમાવું છું. (મિચ્છા મિ દુક્કડમ્)

बेइंदिय तेइंदिय चउरिंदिमाइएगजाईसु ।
जे मक्खिय दुक्खविया, ते विय तिविहेण खामेमि ॥८॥

બેઇન્દ્રિય એટલે કે શંખ, કોડા વગેરે. તેઇન્દ્રિય એટલે કે કીડી, માંકડ, જૂ, લીખ વગેરે. ચઉરિન્દ્રિય એટલે કે વીંછી, ભમરા, તીડ, માખી, કરોળિયા આદિના ભવોમાં જે જીવોને મેં અજાણ્યે કર્યા હોય અથવા દુઃખી કર્યાં હોય તે સર્વ જીવોને ત્રિવિધે એટલે મન-વચન-કાયાથી ખમાવું છું. (મિચ્છા મિ દુક્કડમ્)

जलथलखहचरगयाणं, अणेगमच्छाइएवयाइण ।
आहारट्ठा जीवा, विणासिया ते वि खामेमि ॥९॥

જળચર જીવોના ભવમાં, મગરમચ્છ આદિ રૂપે મારણ કરતાં મારા જીવે આહારના માટે જે કોઈ જીવોના

---

૧. જુદી જુદી જાતના [illegible] એક બીજા પરસ્પર [illegible] બની નાશ પામે છે તે સ્વકાય શસ્ત્ર-વિરાધના કહેવાય છે. જેમ કે [illegible] (અપ્કાય વગેરે) અપ્કાયાદિ [illegible] [illegible].

૨. પોતાનાથી જુદા કાયના (અપ્કાય વગેરેના) [illegible] પૃથ્વીકાયાદિના જીવ પરસ્પર [illegible] નાશ પામે તે પરકાય શસ્ત્ર-વિરાધના કહેવાય છે.

[illegible]

[illegible] ।
[illegible] ते त्रि णामेमि ॥१०॥
[illegible]

[illegible]

[illegible] ।
[illegible] ते त्रि णामेमि ॥११॥
[illegible]

[illegible]

[illegible] ।
[illegible] ते त्रि णामेमि ॥१२॥
[illegible]

આછલાં, વગેરે જીવોનાં ભક્ષણ કર્યાં હોય [illegible]
ભાવથી ખમાવું છું. (મિચ્છા મિ દુક્કડં)

પણુણ્ણુ વિ જે જીવા જિબ્ભિંદિ[illegible]
પારદ્ધિરંમવેગં, વિણામિયા તે વિ [illegible]

મનુષ્યપણામાં પણ જિહ્વેન્દ્રિય[illegible]
એવા મેં શિકાર કરતાં, માંસ[illegible]
ભોજન કરતાં જે કોઈ જીવોને [illegible]
ભવમાં કે ગત ભવોને વિષે, [illegible]
ત્રિવિધ ભાવથી ખમાવું છું [illegible]

परआवयाए हरिसो, पेसुन्नं वं कयं मए इन्दिं ॥
मच्छरभावटिएणं तं वि य तिविहेण खामेमि ॥२०॥

ઈર્ષ્યાભાવને પામેલા મેં પારકાની આપત્તિમાં હર્ષ કર્યો હોય તથા ચાડી-ચુગલી કરી જે જીવોને પીડ્યા હોય તે સર્વ જીવોને હું ત્રિવિધે ખમાવું છું.(મિચ્છા મિ દુક્કડં)

हो सुरसहावो, जाओ पेगासु मिच्छगाहेसु ।
धम्मो वि सुद्दो सद्दो पन्नेहि वि नत्थ नो विसुओ ॥
परलोगनिप्पिवासो, जीवाण सया वि पावनयगचो ।
परलोगनिप्पिवासो, जीवाणं तं पि खामेमि ॥२२॥
तं जाओ दुदोऊ, जीवाणं ...

વગેરેને વિષે મેં જે કોઈ કષાય કર્યા હોય તે સર્વને હું ત્રિવિધ ત્રિવિધ ખમાવું છું.

સઘળા અપરાધ પદોને ખમાવું છું. હે ભગવંત! આપ મારા અપરાધ પદોની ક્ષમા આપો. ગુણના સંઘાત સ્વરૂપ પૂજનીક શ્રી સંઘને પણ હું શુદ્ધ હૃદયથી ખમાવું છું.... (મિચ્છા મિ દુક્કડં)

इय पडगह्मायन्ना, जे के थिय पाणिणो मए वहिया।
दूमिये वा गंठविया, ते खामेमि अहं सव्वे ॥३२॥

આ રીતે અજ્ઞાનપણાના કારણે, રાગથી કે દ્વેષથી મારે ભવોમાં રહેતાં જે કોઈ પ્રાણીઓની મેં હિંસા કરી, નાશ કર્યો, કે દુઃખમાં મૂક્યાં હોય તે સર્વ જીવોને મસ્તક અવ-ધાને પામેલો હું હે દીનદયાળ! પ્રભુ! આપની સમક્ષ રાગ-દ્વેષ અને મોહને દૂર કરીને, મધ્યસ્થપણે આપની સાક્ષીએ, સિદ્ધપરમાત્માની સાક્ષીએ, સાધુ ભગવંતોની સાક્ષીએ, સમ્યગ્દૃષ્ટિ દેવોની સાક્ષીએ અને મારા આત્માની સાક્ષીએ ખમાવું છું, ક્ષમા માગું છું. મારા દુષ્કૃત્યને હે જીવો! તમે જ્યાં હોય ત્યાંથી ક્ષમા આપજો.

આ સંસારચક્રમાં એક સિદ્ધ પરમાત્માના જીવો એવા છે કે જગતમાં કોઈ પણ જીવોના દુઃખમાં નિમિત્તભૂત થતા નથી. સાધુ ભગવંતો પણ જગતના જીવોને અભયદાન આપનારા છે. જ્યારે અવિરતિમાં રહેલા, સંસારમાં રહેલ જીવો અન્ય જીવોનો ક્યારે કચ્ચરઘાણ કરે છે અને

વગેરેને વિષે મેં જે કોઈ કષાય કર્યા હોય તે સર્વને હું ત્રિવિધ ત્રિવિધ ખમાવું છું.

સઘળા અપરાધ પદોને ખમાવું છું. હે ભગવંત! આપ મારા અપરાધ પદોની ક્ષમા આપો. ગુણના સંઘાત સ્વરૂપ પૂજનીય શ્રી સંઘને પણ હું શુદ્ધ હૃદયથી ખમાવું છું.... (મિચ્છા મિ દુક્કડ)

इय मउणाइमावन्ना, जे के वि य पाणिणो मए वहिया।
दुक्खे वा संठविया, ते खामेमी अहं सव्वे ॥२२॥

આ રીતે અજ્ઞાનપણાના કારણે, રાગથી કે દ્વેષથી મારે અંતિમાં રહેતાં જે કોઈ પ્રાણીઓની મેં હિંસા કરી, નાશ કર્યો, કે દુઃખમાં મૂક્યાં હોય તે સર્વ જીવોને મરણાન્ત અવસ્થાને પામેલો હું હે દીનદયાળ! પ્રભુ! આપની સમક્ષ રાગ-દ્વેષ અને મોહને દૂર કરીને, મધ્યસ્થપણે આપની સાક્ષીએ, સિદ્ધપરમાત્માની સાક્ષીએ, સાધુ ભગવંતોની સાક્ષીએ, અવધિજ્ઞાની દેવોની સાક્ષીએ અને મારા આત્માની સાક્ષીએ ખમાવું છું, ક્ષમા માગું છું. મારા દુષ્કૃતને હે જીવો! તમે જ્યાં હો ત્યાંથી ક્ષમા આપજો.

આ સંસારચક્રમાં એક સિદ્ધ પરમાત્મા જીવો એવા છે કે જગતમાં કોઈ પણ જીવોના દુઃખમાં નિમિત્તભૂત થતા નથી. સાધુ ભગવંતો પણ જગતના જીવોને અભયદાન આપનારા છે. જ્યારે અવિરતિમાં રહેલા, [illegible] રહેલ જીવો અન્ય જીવોના ભારે [illegible] છે અને

इय खामणाउ एगा चउगइमावन्नयाण जीवाणं ।
भावविसुद्धीए महं, कम्मक्खयकारणं होउ ॥३६॥

આ રીતે ચારગતિમાં રહેલા જીવોની જોડે ભાવ વિશુદ્ધિથી થયેલી મારી ક્ષમાપના હે પરમેષ્ઠિ ભગવંતો ! મને કર્મક્ષયમાં કારણભૂત બનો.

खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे ।
मित्ती मे सव्वभूएसु, वेरं मज्झ न केणइ ॥

(આ ગાથા બધાએ સાથે બોલવી)

હું સર્વ જીવોને ખમાવું છું, સર્વ જીવો મને ક્ષમા આપો, મારે સર્વ પ્રાણીઓ જોડે મૈત્રી છે, મારે કોઈની પણ સાથે વેરભાવ નથી.

ચાર ગતિમાં રહેલા જીવોની જોડેની ક્ષમાપના સંપૂર્ણ.

---

* [illegible]

સમક્ષ હું એ સર્વ દુષ્કૃત્યોની ભાવપૂર્વક નિંદા કરવા ઉપસ્થિત થયો છું. દુષ્કૃત નિંદાના પ્રભાવે મારા જીવનમાંથી દુષ્કૃતો નાશ પામે એ જ ઇચ્છા રાખું છું.

પ્રભુ! વિશ્વમાં જીવો ચાર કારણે ભયંકર પાપો કરી રહ્યા છે. તે ચાર કારણો છે–મિથ્યાત્વ, અવિરતિ, કષાય, અને યોગ. મારા જીવે પણ આ ચાર હેતુથી ભૂતકાળમાં અનંતા પાપો કર્યાં છે, જેનું વર્ણન કરવા પણ હું સમર્થ નથી, છતાં આપના શાસનના આલંબનને પામીને આપની સમક્ષ પશ્ચાત્તાપ ભર્યા દિલે તે બધાનો એકરાર કરવા હું ઉપસ્થિત થયો છું. હે નાથ! મારાં આ પાપો સાંભળીને મારાં તે પાપોની ક્ષમા આપવા કૃપા કરશોજી.

મિથ્યાત્વના કારણે થયેલાં પાપોની નિંદા:

નાથ! કર્મ બંધનું પ્રથમ કારણ છે મિથ્યાત્વ. મિથ્યાત્વ એટલે ખોટી માન્યતા, ઊંધું વલણ. સુદેવાદિને વિષે દેવપણાની બુદ્ધિનો અભાવ અને કુદેવાદિને વિષે દેવપણાની બુદ્ધિ વગેરે.

અનાદિકાળથી આ સંસારમાં ભટકતા મારા જીવને હે પ્રભુ! આ મિથ્યાત્વ નામનો રોગ લાગુ પડ્યો છે, મિથ્યાત્વ પિશાચ મને વળગ્યો છે, એણે મારી પાસે ન કરાવવાનાં કાર્યો કરાવ્યાં છે.

હે દેવાધિદેવ! આ મિથ્યાત્વ પાંચ પ્રકારનું છે તે આ પ્રમાણે—

સુગુરુઓને ભાત-પાણીમાં અંતરાય કર્યો, અવગણના કરી, આશાતના કરી, નિંદા કરી, વગેરે મિથ્યા માર્ગને લગતું જે કંઈ આચરણ કર્યું હોય તે સઘળાય મારા દુરાચરણને હે તીર્થાધિપતિ ! દેવાધિદેવ ! આપની તથા કલ્યાણમિત્ર એવા ગુરુ ભગવંતોની સાક્ષીએ નિંદા કરું છું. ગર્હા કરું છું—ને બદલ મિચ્છા મિ દુક્કડમ્ દઉં છું. (મિચ્છા મિ દુક્કડં)

વળી ને જ મિથ્યાત્વના કારણે હે દેવાધિદેવ! કુધર્મમાં ધર્મની બુદ્ધિ કરી, રાગી-દ્વેષી-અજ્ઞાન દેવોએ બનાવેલ વેદ, વેદાન્ત, બૌદ્ધાદિ ધર્મોને માન્યા, તેના અનુષ્ઠાનોને સેવ્યા, હિંસક યજ્ઞો કરાવ્યા, કર્યાં. દેવ-દેવીઓની આગળ પંચેન્દ્રિય જીવો-બકરા પાડા-આદિના બલિદાનો આપ્યા, ધર્મના નામે પંચેન્દ્રિય જીવોની હિંસા કરી, મિથ્યાત્વ શાસ્ત્રો સેવ્યાં, સેવરાવ્યાં, અનુમોદ્યાં, મિથ્યા પર્વો કર્યાં, જૈન ધર્મની હાંસી કરી. જૈન ધર્મની-તેના અનુષ્ઠાનોની નિંદા કરી, જિન ધર્મનાં આ-પર્વોને વિરાધ્યા, મધ્યસ્થ વ પાંપાળી આદિ ધર્મેલ આત્માને દબાવી. કરવા, હે ત્રિભુવનાધાર પ્રભુ ! આપની સમક્ષ, ચતુર્વિધ સંઘની સાક્ષીએ આ એ સર્વ પાપોને નિંદુ છુ, ગર્હું છું, તથા તે વિષયમાં મિથ્યા દુષ્કૃત આપું છું. (મિચ્છા. મિ દુક્કડં)

અનાભિગ્રહિક મિથ્યાત્વ[1]

હે નાથ અનાભિગ્રહિક નામના બીજા મિથ્યાત્વને

1 સર્વ દેવો, સર્વ ગુરુઓ તથા સર્વ ધર્મો સમાન માનવા તે અનાભિગ્રહિક મિથ્યાત્વ કહેવાય.

અવિશ્વાસ કર્યો. મારી તે દુષ્ટ બુદ્ધિ અને અશુભ પ્રવૃત્તિ માટે હે જગતરક્ષક પ્રભુ! આપની સમક્ષ મારા આત્માની નિંદા કરું છું, ગર્હા કરું છું અને તે બદલ મિચ્છા મિ દુક્કડં આપું છું. (મિચ્છા મિ દુક્કડં)

આભિનિવેશિક મિથ્યાત્વ[7]

આ ચોથા પ્રકારના મિથ્યાત્વને વશ થઈને હે જગત્પિતા! ત્રણ લોકના સ્વામી, વિશ્વવત્સલ હે પ્રભુ! આપના શુદ્ધ માર્ગની મેં શ્રદ્ધા ન કરી, ન સમજ્યો, અરે! સમજવા છતાં મારા દુરાગ્રહને પકડી રાખ્યો, બીજાઓએ સમજાવ્યા છતાં માનહાનિના ભયથી દુરાગ્રહને બરાબર પકડ્યો, જગતમાં વિસ્તાર્યો, દુરાગ્રહને વશ થઈ નવી નવી ખોટી પ્રરૂપણાઓ કરી, નવા મતો પ્રગટ કર્યા, અને તે દ્વારા અનેક ભદ્રિક અને સરળ જીવોને ઉન્માર્ગે દોર્યા, તે મારા અવિચારી વર્તનનાં તથા આ ભવના પણ મહામિથ્યાત્વપૂર્ણ આચરણ બદલ હે કરુણાનિધિ દેવ! આપની સમક્ષ મારા આત્માની નિંદા કરું છું, તથા તે બદલ ચતુર્વિધ સંઘની સાક્ષીએ મિચ્છા દુક્કડં આપું છું (મિચ્છા મિ દુક્કડં)

અનાભોગિક મિથ્યાત્વ[8]

આ મિથ્યાત્વને વશ થઈને હે પ્રભુ! એકેન્દ્રિય

---

7 સાચું જાણવા છતાં માનહાનિ આદિના ભયના કારણે કદાગ્રહ પકડી રાખવો તેને આભિનિવેશિક મિથ્યાત્વ કહેવાય છે.

8 એકેન્દ્રિયાદિ જીવોને જે સત્ય કે અસત્ય કોઈનો બોધ જ નથી હોતો, તે અનાભોગિક મિથ્યાત્વ કહેવાય છે.

ગોચરી પાણીમાં અંતરાય કર્યા, તેઓને ધર્મ-આરાધના સાધવા-સધાવવામાં ડખલો ઊભી કરી, દેવદ્રવ્યાદિની ઉપજમાં અંતરાય કર્યો, ભક્ષણ કર્યું, છતી શક્તિએ ઉપેક્ષા કરી સંઘને હેરાન કર્યા, દંડ્યા, પૂજનીય શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘની સામે પડ્યો. સાધુ કે શ્રાવકપણાને ધારણ કરવા છતાં શાસન અને સંઘને વફાદાર ન રહ્યો, તેને નુકશાન થાય તેવાં કાર્યો મારી મંદ બુદ્ધિથી કર્યાં, ધર્મના વિષયમાં પણ ગીતાર્થ ગુરુઓને અનુસર્યો નહીં. તેમની આજ્ઞા પાળી-માની નહિ વગેરે મહામિથ્યા આચરણ કર્યાં તે સઘળાંની—

હે કરુણાવંત પ્રભુ! આપની સાક્ષીએ, સિદ્ધ પરમાત્માની સાક્ષીએ, ગુરુભગવંતોની સાક્ષીએ, અધિષ્ઠાની દેવોની સાક્ષીએ, ચતુર્વિધ સંઘની સાક્ષીએ, મારા આત્માની સાક્ષીએ, નિંદા કરું છું, ગર્હા કરું છું. આવી નિંદનીય પ્રવૃત્તિ કરનાર મારા આત્માને વોસિરાવું છું અને આવી અશુભ પ્રવૃત્તિ બદલ-મન વચન અને કાયાથી ફરીથી આવી પ્રવૃત્તિ ક્યારેય મારો આત્મા ન કરે તેવી ભાવનાપૂર્વક મિથ્યા દુષ્કૃત આપું છું.- (મિચ્છામિ દુક્કડં)

[10](સમકિતના આઠ આચારો. પાળ્યા નહીં, તેમજ

---

[10] કર્મ [illegible] આઠ આચારો [illegible] (૧) [illegible] (૨) [illegible] (૩) [illegible] (૪) [illegible]

બીજા પાસે ન કરાવ્યાં, બીજાને કરતા અટકાવ્યા, આળો દીધી, ધર્મપ્રભાવનામાં કોઈથી કરાતા દ્રવ્યવ્યયને લક્ષ્મીનો ધુમાડો દીધો.

આમ દર્શનાચારના વિષયમાં જે કંઈ છતી શક્તિએ આચરણ ન કર્યું અથવા વિરુદ્ધ આચરણ કર્યું તે સર્વે મારા દુષ્કૃત્યોને હે દેવાધિદેવ ! જગતભ્રાતા, વિશ્વવિભુ ! આપની સામે, ચતુર્વિધ સંઘની સાક્ષીએ નિંદુ છું, ગર્હું છું અને તે બદલ મિચ્છા મિ દુક્કડં દઉં છું. (મિચ્છા મિ દુક્કડં)

[11]અવિરતિના કારણે થયેલ પાપોની નિંદા

હે તીર્થાધિપતિ દેવાધિદેવ ! આપના પવિત્ર માર્ગમાં અવિરતિ પણ પ્રતિબિંદ છે—કર્મબંધના કારણ તરીકે જણાવેલ છે, તેને અજ્ઞાન એવો હું ન સમજ્યો. તેથી આ ભવમાં આપના માર્ગને પામવા છતા મેં અવિરતિ ન છોડી, સર્વ-વિરતિધર્મ ન સ્વીકાર્યો, દેશ-તું જ નહીં, પણ મારી શક્તિ મુજબ દેશથી પણ મેં વિરતિ ધર્મને ન આદર્યો.

અરે ! વિરતિધર્મના પ્રેમ પણ મારા અંતરમાં ન જાગ્યો. અનેક જીવોને વિરતિધર્મની પ્રાપ્તિમાં મેં અંતરાયો નાખ્યા, વિઘ્નો ઊભા કર્યા, એટલું જ નહીં, વિરતિધર્મનો ઉપદેશ આપવા બદલ સદ્ગુરુઓની નિંદા-ઉપહાસ કર્યો.

---

૧૧ પાપનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ ન કરવો તે અવિરતિ. પાપ ન આચરવા છતાં પણ જ્યાં સુધી પચ્ચક્ખાણ-પ્રતિજ્ઞા ન કરાય ત્યાં સુધી અવિરતિના કારણે કર્મબંધ થાય છે.

ખૂનો વગેરે પણ કર્યાં, માતા-પિતા આદિ ઉપકારીની સામે પણ ગુસ્સો કર્યો, ધર્માચાર્યો મુનિભગવંતો સાધર્મિકો પ્રત્યે પણ ગુસ્સાથી સામું બોલ્યો વગેરે—ક્રોધ કષાયને વશ થઈને હે દીનાનાથ, જગત્વિધના પ્રભુ! મેં જે કંઈ પાપો આચર્યાં—તે બધાની આપની સમક્ષ, ચતુર્વિધ સંઘની સાક્ષીએ નિંદા કરું છું, ગર્હા કરું છું અને તે બદલ મિચ્છા મિ દુક્કડં દઉં છું.

પ્રભુ! માન કષાયને વશ થઈને અભિમાનમાં ઊંચે ચડ્યો, બીજાને તુચ્છ ગણ્યા, સ્વપ્રશંસા પણ કરી, કરાવી, પરનિંદામાં જ રાચ્યો, અભિમાનના કારણે અનેક ગુણી આત્માઓની અવગણના કરી, તેમના પ્રત્યે ઈર્ષ્યાવૃત્તિને ધારણ કરી, દેવ-ગુરુના વિનયને પણ ભૂલ્યો, સાધુ સાધર્મિક પ્રત્યે પણ અક્કડ વલણ રાખી ધર્મના, જ્ઞાનના, [illegible] પણ મારા મનના કારણે [illegible] કષાય [illegible] માન કષાયને વશ થઈને અનેક પ્રકારના પાપો મેં આચર્યા હોય તે સર્વે પાપ બદલ હે જગતના પ્રભુ! [illegible] પાસે ક્ષમા માગું છું (મિચ્છા મિ દુક્કડં).

પ્રભુ, માયા કષાયને વશ પડીને મેં કંઈ પ્રપંચ કર્યાં—કપટ કર્યાં, પરવંચના કરી બીજાને [illegible] ફેરફાર કર્યાં, તોલમાં ફેરફાર કર્યાં, [illegible] વસ્તુ ગ્રહણ કીધા, માયાપૂર્વક [illegible] વસ્તુની [illegible] માયા કરી, દેવ ગુરુ ધર્મ [illegible] કરી, માયાના કારણે તિર્યંચના [illegible], તિર્યંચના [illegible]

(૧) હાસ્ય ખૂબ કર્યું, ઉપહાસ, મશ્કરી તથા હાસ્યની ચેષ્ટાઓ કરી. સાધુ-સંતોની પણ મજાક કરી, કામોત્તેજક હાસ્ય કર્યું, પરસ્ત્રી કે પરપુરુષ સાથે રાગને વધારે તેવી હાસ્ય પ્રવૃત્તિઓ કરી, તેમજ ઇષ્ટ પદાર્થો પ્રત્યે રતિ (રાગ) ભાવને તેમજ અનિષ્ટ પદાર્થો પ્રત્યે અરતિ (દ્વેષ)ના ભાવને ઉત્પન્ન કર્યો, ઇષ્ટવિયોગ એટલે કે સ્ત્રી, પુત્ર, પરિવાર, લક્ષ્મી આદિનો વિયોગ તથા અનિષ્ટ સંયોગ એટલે કે રોગ, દરિદ્રતા અપયશ આદિની પ્રાપ્તિ વખતે શોક નામના નોકષાયને વશ થઈને શોક સંતાપ કર્યા, ભૂમિ ઉપર આળોટયો, નિસાસા નાખ્યા, છાતી કૂટવા વગેરે આ શોકની પ્રવૃત્તિઓ કરી. અનેક પ્રકારના પૌદ્‌ગલિક પદાર્થોના નાશનો તથા ઇષ્ટ સંયોગ ચાલ્યા જવા વગેરેનો ભય આત્મામાં ભયમોહનીયને વશ થઈને ઊભો થયો તેમ જ અનિષ્ટ પદાર્થો ઉપર જુગુપ્સામોહનીય કર્મના કારણે દુર્ગંછાનો ભાવ કર્યો વિગેરે.

આ પ્રમાણે હાસ્યાદિ છને વશ થઈને મારા જીવે જે પાપ-આચરણો ભૂતકાળના ભવોમાં તથા આ ભવમાં કર્યાં જે હું જાણું છું અથવા નથી પણ જાણતો, તે સર્વ પાપો બદલ મારા આત્માની નિંદા કરું છું, ગર્હા કરું છું. હે ત્રણ જગતના શરણભૂત સમાન તીર્થંકર પ્રભુ! તે વિષયમાં હું આપની નિશ્રામાં અને ચતુર્વિધ સંઘ સમક્ષ મિચ્છા મિ દુક્કડમ્ દઉં છું. (મિચ્છા મિ દુક્કડમ્)

પુરુષવેદને વશ થઈને હે પ્રભુ! મેં પરસ્ત્રી પ્રત્યે

પ્રવૃત્તિમાં રાચ્યો, તિર્યંચના ભવમાં તથા દેવાદિના ભવમાં પણ મૈથુન સંજ્ઞાને પૂબજ પોષી. આવા પ્રકારના દુષ્ટ પાપો હે દેવાધિદેવ સ્વામી ! વેદ નોકષાયને વશ થઈને મેં આચર્યાં. જેનું વર્ણન કરવાને પણ હે સ્વામી ! હું આપની સમક્ષ સમર્થ નથી.

હે નાથ ! મેં આવા અગણિત પાપો આ ભવમાં તથા ભૂતકાળના ભવોમાં આચર્યાં છે તે સર્વ પાપોને હે અરિહંત પ્રભુ ! આપની સમક્ષ ઉપસ્થિત થયેલ આપની સાક્ષીએ, સિદ્ધ પરમાત્માની સાક્ષીએ, [illegible] ગુરુ ભગવંતોની સાક્ષીએ, સાધુ ભગવંતોની સાક્ષીએ, ચતુર્વિધ સંઘની સાક્ષીએ નિંદુ છું, ગર્હું છું [illegible] પાપી એવા મારા દુષ્ટ આત્માને [illegible] વચન [illegible] દુક્કડમ્ દઉં છું [illegible] મિચ્છા મિ દુક્કડં ।

મન-વચન-કાયાના યોગથી થયેલ દુષ્કૃતોની નિંદા :

કર્મબંધનું [illegible] કારણ [illegible]

હે પ્રભુ ! મનથી મેં અનેક પ્રકારના [illegible] ઈ. તંદુલિયા મત્સ્યના [illegible] કરી, બીજા ભવોમાં પણ [illegible] કર્યાં, વિકલ્પો કર્યા, મનથી અનેક [illegible] મનમાં [illegible] ઊભી કરી મનથી [illegible] ગુરુઓની, ધર્મની [illegible] કરી [illegible] કરી, મનથી [illegible] કર્યાં, લોકાદિની [illegible] કરી. [illegible] કર્યાદિને [illegible], મનથી [illegible]

કુટુંબ, આદિમાં કર્યો–એટલું જ નહીં, ભૂતકાળના ભવોમાં તિર્યંચો વગેરેની કાયાથી અનેક જીવોની હિંસા કરી, જેમકે—

સિંહના ભવોમાં જંગલમાં જાનવરોને ફાડી ખાધાં,

વાઘના ભવોમાં બકરાદિનાં ટોળાંને મારી નાખ્યા,

મગરમચ્છના ભવોમાં માછલાંઓ તથા મનુષ્ય, તિર્યંચોને પણ ખાધા,

અજગરના ભવોમાં મનુષ્ય-તિર્યંચને જીવતા ગળી ખાધા,

સર્પના ભવોમાં ક્ષુદ્ર જંતુઓને ભક્ષણ કર્યા તથા મનુષ્ય-તિર્યંચને પણ પીડ્યા.

કસાઈના ભવોમાં કેઈકની કતલ કરી.

માછીમારના ભવોમાં માછલાંને જાળમાં પકડ્યા, વીંધ્યાં, તળ્યાં, માર્યાં, ખાધા.

ઉદ્યોગપતિના ભવોમાં કારખાનાં, મીલ વગેરે કરી અનેક જીવોનો નાશ કર્યો.

સેનાપતિ–સૈનિક આદિના ભવોમાં યુદ્ધો ખેલી અનેક મનુષ્યોનો કચ્ચરઘાણ કાઢ્યો,

પરમાધામીના ભવોમાં નારકીના જીવોની ભારે વિટંબણાઓ કરી.

દેવના ભવોમાં દૈવિક કાયાથી નાટક-ચેટક, ઇત્યા.

નિષ્કારણ બંધુ જિનેશ્વર ભગવંત! આપની પવિત્ર નિશ્રામાં ઉપસ્થિત થયેલ હું આપની સાક્ષીએ, સિદ્ધ પરમાત્માની સાક્ષીએ, સાધુ મહાત્માઓની સાક્ષીએ, અવધિજ્ઞાની ઉપયોગવાળા દેવોની સાક્ષીએ ત્રિવિધે મન, વચન અને કાયાથી પશ્ચાત્તાપભર્યા હૃદયે પુનઃ આવા આશ્રવો જીવનમાં ન સેવાય તેવા શુભભાવપૂર્વક સકલ સંઘની સાક્ષીએ નિંદુ છું, ગર્હું છું તથા દુષ્કૃત કરનાર તેવા મારા આત્માને વોસિરાવીને તે વિષયમાં મિથ્યા દુષ્કૃત આપું છું. (મિચ્છા મિ દુક્કડમ્)

છ[૧૪] પ્રકારના અસત્યથી થયેલ પાપોની નિંદા

હે નાથ! મેં અજ્ઞાનથી રાગ-દ્વેષ કે મોહને વશ થઈને જે છ કાયના જીવોની હિંસા કરી છે, જૂઠ વચનો બોલ્યો છું, ક્રોધ-લોભ-ભય અને હાસ્યને વશ બનીને જૂઠું બોલીને છુપાવ્યું છે બીજાને કટુ વચનો બોલીને દુભવ્યા, તથા મેં ચોરીઓ કરી, વગર અનુમતિથી વસ્તુઓ લીધી, સરકારી કર વગેરેમાં, [illegible]-રેલવે-બસ-ટપાલ વગેરેમાં, ભાડામાં, માલની લેવડ-દેવડમાં, તોલ અને માપ અદત્તાદાન (ચોરી) પાપ કર્યું. વળી [illegible] છેતર્યા, ઘરાકોને છેતર્યા, જ્ઞાન દ્રવ્ય, દેવદ્રવ્ય, સાધારણ દ્રવ્ય આદિમાં ગોટાળા કર્યા, દગાબાજીઓ વગેરે કિ.દી,

૧૪. ૫ પ્રકારના અસત્ય આ પ્રમાણે છે: (૧) [illegible] (૨) [illegible] (૩) [illegible] (૪) [illegible] (૫) [illegible]

૯ કાયના જીવોની વિરાધનાનાં પાપોની નિંદા

હે નાથ! આ સંસારમાં ભટકતા અજ્ઞાની એવા મારા જીવે છ કાયના જીવોની હિંસાનાં ઘોર પાપો કર્યાં છે, જેમકે—ખેતર ખેડાવ્યાં, કૂવા, તળાવ, સરોવર ખોદાવ્યાં, ઘર, ટાંકાં, ભોંયરા, મેડા ચણાવ્યા, લીંપણ, ગુંપણ, રંગ વગેરે કરાવ્યાં, કર્માદાનના વ્યાપાર, જેમકે—ખાણો ખોદાવી, મોટરો, ખટારાદિ દોડાવ્યા, કુંભારના ભઠ્ઠા સળગાવ્યા, શસ્ત્રો તૈયાર કરી વેચ્યાં, મકાનો બાંધ્યાં, બંધાવ્યા વગેરે પૃથ્વીકાયની વિરાધના કરી

કૂવા, તળાવ ખોદાવ્યા, તેમાં નાહ્યા, પાણીમાં સ્ટીમરો, વહાણો દોડાવ્યા, અણગળ પાણી પીધા વગેરે અનેક રીતે પાણીના જીવોની વિરાધના કરી

અગ્નિકાય વિષયમાં—નિભાડા, ભઠ્ઠી, [illegible] સળગાવીને, [illegible] વગેરે [illegible] થી, અજ્ઞાનતાથી [illegible] જીવો તેમાં બળ્યા, પાણી નાખી અગ્નિને [illegible] વગેરે અગ્નિકાયના જીવોની હિંસા કરી

પવને [illegible] [illegible], પંખા [illegible], [illegible] વગેરે અનેક પ્રકારે વાઉકાય જીવોની વિરાધના કરી

વાડી, વન, બગીચા, બગીચા વગેરે [illegible] વનસ્પતિઓ કાપી, [illegible], ફળ-ફૂલ ચૂંટવા, [illegible], [illegible], વગેરે અનેક પ્રકારે વનસ્પતિકાયના જીવોની વિરાધના

પાંચ ઇન્દ્રિયોના આશ્રવથી થયેલાં પાપોની નિંદા :

હે નાથ! હે દેવાધિદેવ! સ્પર્શનેન્દ્રિયને વશ થઈને જે અકાર્યો કર્યાં જેમકે–પરસ્ત્રીને સ્પર્શ કર્યો, કોમળ, મૃદુ શય્યાદિના સ્પર્શો ભોગવ્યા, વગેરે જે પાપો કર્યાં હોય–

રસનેન્દ્રિયને વશ થઈને અભક્ષ્ય, અનંતકાયનાં ભોજન કર્યાં, રાત્રિભોજન કર્યાં, સ્વાદની લાલચથી વધુ આહાર કર્યો, તપનાં પચ્ચક્ખાણ કર્યાં નહીં. પચ્ચક્ખાણ ભાંગ્યાં, માંસાહાર કર્યો, અભક્ષ્ય ભોજન પણ ખૂબ રાગથી કર્યું.

ઘ્રાણેન્દ્રિયને વશ થઈને અત્તર, સેંટ, ફૂલ વગેરે સુગંધિદાર પદાર્થોને ભોગવ્યા, દુર્ગંધિ પદાર્થોનો દ્વેષ કર્યો,

